# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


એસજીજીયુ/પરીક્ષા/૨૦૧૭/9567

તા. ૧૬/૧૧/૨૦૧૭

**પરીપત્ર : ૪૦૯**

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, કાયદા અને શિક્ષણ વિધાશાખાની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા નવેમ્બર/ડિસેમ્બર-૨૦૧૭ માં લેવાનાર સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૩ ની વિવિધ પરીક્ષાઓનું સુચારુ આયોજન અને સંચાલન થઇ શકે તે હેતુથી નીચે દર્શાવ્યા અનુસારની કોલેજોને તેના નામ સામે દર્શાવેલ વિસ્તારમાં પરીક્ષા સંબંધી કામગીરી માટે સબ સેન્ટર જાહેર કરવામાં આવે છે.

| ક્રમ | સબ સેન્ટરનું નામ | વિસ્તાર | કૉ-ઓર્ડીનેટરનું નામ |
|---|---|---|---|
| ૧ | શ્રી પી. એન. પંડ્યા આર્ટસ, એમ. પી. પંડ્યા સાયન્સ એન્ડ ડી. પી. પંડ્યા કોમર્સ કોલેજ, લુણાવાડા. | લુણાવાડા, માલવણ, મુનપુર, સંતરામપુર, વીરપુર, બાલા સિનોર, | પ્રો. એ. બી. પંડ્યા, શ્રી પી.એન. પંડ્યા આર્ટસ, એમ.પી. પંડ્યા સાયન્સ એન્ડ ડી.પી. પંડ્યા કોમર્સ કોલેજ, લુણાવાડા. |
| ૨ | નવજીવન આર્ટસ અને કોમર્સ કોલેજ, દાહોદ. | દાહોદ, નગરાળા, લીમખેડા, ઝાલોદ, ફતેપુરા, સીંગવડ, ગરબાડા | પ્રો. કે. જે. મહેતા, આચાર્યશ્રી, નવજીવન આર્ટસ અને સાયન્સ કોલેજ, દાહોદ. |
| ૩ | સી.એન.પી.એફ. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ડભોઇ | ડભોઇ, સાવલી, કરજણ | પ્રો. જે. આર. શુક્લ, આચાર્યશ્રી, સી.એન.પી.એફ. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ડભોઇ |
| ૪ | શેઠ ટી.સી. કાપડિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોડેલી | બોડેલી, સંખેડા, નસવાડી, પાવી-જેતપુર, છોટા ઉદેપુર, કવાંટ | પ્રો. સોલંકી, આચાર્યશ્રી, આચાર્યશ્રી, શેઠ ટી.સી. કાપડિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોડેલી |
| ૫. | એસ.કે.યુ.બી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પીપળીયા | વડોદરા, પીપળીયા, સાવલી, મુવાલ, છાણી | પ્રો. શોભનાબેન જૈન, ઇનચાર્જ આચાર્યશ્રી, એસ.કે.યુ.બી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પીપળીયા |
| ૬ | શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા | ગોધરા, કાલોલ, હાલોલ, શહેરા, કાંકણપુર, સીમલીયા, દેવગઢબારિયા, ધાનપુર, કોઠંબા, વાઘજીપુર, મોરવા હડફ, શામળદેવી | કુલસચિવશ્રી, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી / આચાર્યશ્રી, શેઠ પી.ટી.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરા / આચાર્યશ્રી, લો કોલેજ, ગોધરા. |

ઉપર દર્શાવેલ સબ સેન્ટરોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની નવેમ્બર/ડિસેમ્બર-૨૦૧૭ દરમિયાન યોજાનાર પરીક્ષામાં નીચે મુજબની કામગીરીઓ કરવાની રહેશે.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
Shri Govind Guru University
( Established vide Gujarat Act No. 24/2015)
સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧
Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

1. પરીક્ષાના દિવસે યુનિવર્સિટી દ્વારા પહોંચાડવામાં આવતા પ્રશ્નપત્રોના સીલબંધ પેકેટ જે તે પરીક્ષા કેન્દ્ર ખાતે ઓબ્ઝર્વરની સાથે પરીક્ષાના નિયત સમય પહેલા પહોચાડવાના રહેશે.
2. યુનિવર્સિટી દ્વારા મંજુર થયેલ ઓબ્ઝર્વરની યાદી માંથી દરરોજ પરીક્ષા કેન્દ્ર દીઠ ઓબ્ઝર્વર નિયુક્ત કરવા.
3. પરીક્ષા પૂર્ણ થયા બાદ લખાયેલ ઉત્તરવહીઓ તમામ પરીક્ષા કેન્દ્ર ખાતેથી એકત્રિત કરી તે જ દિવસે યુનિવર્સિટી ખાતે પહોંચાડવાની રહેશે.
4. સબ સેન્ટર ખાતે યુનિવર્સિટી દ્વારા પહોંચાડવામાં આવેલ કોરી ઉત્તરવહીઓ તેમજ સપ્લીમેન્ટરીઓના અનામત જથ્થામાંથી ઈમરજન્સી સંજોગોમાં જે તે પરીક્ષા કેન્દ્ર ખાતે કોરી ઉત્તરવહીઓ પહોંચાડવી.
5. યુનિવર્સિટી દ્વારા પરિક્ષા ના સંચાલન સંબંધિત જે કામગીરી સોંપવામાં આવે તે બજાવવી.
6. યુનિવર્સિટી દ્વારા સબ સેન્ટર ખાતે પરીક્ષા કેન્દ્ર વાઈઝ પહોંચાડવામાં આવેલ પ્રશ્નપત્રો પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચાડવા તેમજ પરીક્ષા સંબંધિત અન્ય કામગીરીઓ માટે યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર પાસેથી ગાડીઓ મેળવવી.
7. યુનિવર્સિટી દ્વારા ટેન્ડર પ્રક્રિયાથી ટવેરા, તુફાન ફોર્સ, ઈન્ડીકા/વિસ્ટા ગાડીઓ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર પાસેથી મેળવવાનું નિયત કરવામાં આવેલ છે.
8. ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરની વિગત નીચે મુજબ છે.

શ્રી મયુરભાઈ સોલંકી, સાને ટ્રાવેલ્સ, ગોધરા રોડ, દાહોદ. મો.નં. ૯૪૨૬૨ ૭૩૦૯૮/૭૦૯૬૬ ૦૩૫૦૫

9. સબ સેન્ટર દ્વારા મોકવવામાં આવેલ ગાડીઓની રીકવીઝીશન સ્લીપ સહી કરવી અને ઉપયોગ થયેલા કિલોમીટર સર્ટિફાઈડ કરવા.
10. ઇન્ટરનલ અને પ્રેક્ટીકલ માર્ક્સ તથા ફાઉન્ડેશન અને સોફ્ટ સ્કીલના માર્ક્સ પરીક્ષાના સીટ નંબર મુજબ કોલેજના લેટરપેડ પર હાર્ડ કોપીમાં સ્વીકારી અને યુનિવર્સિટી ખાતે એક સાથે પહોંચાડવા.
11. સંબંધિત પરીક્ષા કેન્દ્રોને પરીક્ષા સંચાલન માટે ખર્ચ પેટે આપવામાં આવેલ રકમના બીલોના વાઉચર એકત્રિત કરી એક સાથે યુનિવર્સિટી ખાતે પહોંચાતા કરવાની કામગીરી કરવી.
12. આ બાબતે વધુમાં જાણકારી માટે પરીક્ષા સમય દરમિયાન યુનિવર્સિટી ખાતેના કન્ટ્રોલ રૂમ નંબર ૦૨૬૭૨ ૨૫૫૧૦૫ પર ટેલીફોનીક સંપર્ક કરવો.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવસિટી,
ગોધરા.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- સંબધિત સબ સેન્ટરોના કૉ-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

નકલ રવાના:

- આ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણીજ્ય, વિનયન, શિક્ષણ અને કાયદા વિધાશાખાના આચાર્યશ્રીઓ તરફ જાણ સારું
- શ્રી મયુરભાઈ સોલંકી, સાને ટ્રાવેલ્સ, ગોધરા રોડ, દાહોદ.